|

પાટડી ના મહે.પ્રિન્સી. સીવીલ જજ અને જયુડી .મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટ, પાટડી
ક્રિ. કે. નં. ૯૮૮ / ૨૦૨૨
આંક : – ૫

ફરિયાદી :– શ્રી સરકાર
વિરૂધ્ધ
આરોપી :– વિષ્ણુભાઈ પ્રભુભાઈ લેંચીયા
રહે.વડગામ તા.દસાડા

cccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccc

ગુનો :પ્રોહીબીશન એકટની કલમ –૬૫એએ મુજબ

cccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccccc

## ઠરાવ

(૦૧) ફરિયાદપક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગેરકાયદેસર પાસ પરમીટ વગર તેમના કબજામા દેશી દારૂ/આથો રાખી પકડાઈ/નાશી જઈ પ્રોહીબીશન એકટ કલમ – ૬૫ એ એ ના ગુનાના કામે અટક કરેલ અને નામદાર કોર્ટમાં રજૂ કરેલ છે. આરોપી સામે ફરિયાદીની ફરિયાદને આધારે ગુનો રજીસ્ટર્ડ કરી ગુનાને લગત તપાસ કરી તેઓ સામે પુરતો પુરાવો હોઈ ચાર્જશીટ કરેલ છે.

(૦૨) આરોપી હાજર થતા તેઓને આપવાની પોલીસ પેપર્સની નકલો આપ્યાની ખાત્રી કરેલ. જે બાદ આરોપીએ **આંક –૨** થી તેઓ સામેના ગુનાનો આક્ષેપ કબુલ કરતા હોવા બાબતે પુરષીશ આપેલ આરોપીને તેઓ સામેના ગુનાની ગંભીરતા તથા સજાકીય જોગવાઈઓ અંગે સમજાવવામાં આવેલ છે તેમજ આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ ન હોવાનું જણાવેલ છે. તેમ છતા આરોપી તેઓનો ગુનો કબુલ કરતા હોવાનું જણાવે છે અને તેઓએ **આંક–૨** થી આપેલ પુરષીશ માં જણાવેલ હકીકતોને વળગી રહે છે.

(૦૩) આરોપી સામે હાલનું કામ પ્રોહીબીશન એકટ કલમ –૬૫ એ એ અન્વયેનું છે. હાલમાં ગુજરાત સરકારશ્રી ધ્વારા પ્રોહીબીશન એકટમાં સુધારો કરેલ છે. જેથી હાલમાં પ્રર્વતમાન ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એ એ ની જોગવાઈ ધ્યાને લેતા આરોપી સામે ૩ વર્ષની સજાને પાત્ર ગુનાનો આક્ષેપ મુકવામાં આવેલ છે,જેથી આ કામે હાલનું કામે ક્રિમીનલ પ્રોસીઝર કોડમાં આપવામાં આવેલ, પોલીસ રીપોર્ટ ઉપરથી શરૂ કરવામાં આવેલ વોરંટ ટ્રાયેબલ કેસની કાર્યવાહી અનુસરવી જરૂરી છે. જેથી આ કામે આરોપી સામે **આંક –૩** થી આરોપી સામે તહોમતનામું ફરમાવી **આંક – ૪** થી તેઓનો જવાબ લેવામાં આવતા તેઓએ ગુનો સ્વેચ્છાથી કબુલ કરેલ હોવાનું જણાવેલ છે.આરોપીને સજા અં ગે સમજાવવામાં આવેલ છે. તેમ છતાં આરોપી તેઓની સામેના ગુન્હાની કબુલાત કરી પુરસીસ રજુ કરી જણાવે છે કે આ તેઓનો પ્રથમ ગુન્હો છે તેમજ તેઓ ગરીબ માણસ હોઈ તેમજ કુટુંબ કબીલાવાળા હોઈ અને તેના કુટુંબની દેખભાળ રાખનાર તેઓ એક માત્ર ઈસમ હોય દયા રાખી સજા કરવા અરજ કરેલ છે. તેમજ આરોપીને કોઈ સ્થિર ધંધો નથી છુટક મજુરી કરીએ છીએ અને તેમને દરરોજ મજુરી પણ મળતી નથી જેથી તેમનુ તેમજ તેમના કુટુંબનુ ગુજરાન કરવામાં પણ

|

મુશ્કેલી પડે છે અને તેવી સ્થિતીમાં આ ગુનો થઈ ગયેલ છે. આ ગુનામાં કોઈ સાથે જાહેર માં ઉપદ્રવ કરેલ નથી ઝઘડો કરેલ નથી, અસભ્ય વર્તન કરેલ નથી કે અશિસ્ત ભાષા વાપરેલ નથી કે કોઈ સાથે મારા મારી કરી કોઈ ઈસમ કે જાહેર મિલકત ને હાનિ પહોચાડેલી નથી અને તેવો કોઈ આક્ષેપ પણ તેમની સામે નથી. તથા આરોપીની આર્થિક પરીસ્થિતી સારી ન હોય ઉપરાંત રોજગાર પણ ન હોય ટ્રાયલ ચાલતા દરમ્યાન  વારંવાર આવવાની જરુર પડે અમારી દૈનિક મજુરી જતી રહે તેમજ વકીલ રોકી પૈસા ખર્ચવાની જરુરીયાત રહે અને કયારેક રોજગારી મળે છે તે પણ ન મળી શકે જે તમામ હકીકતો ઘ્યાને લઈ આ  પ્રથમ ગુનો હોઈ તેમની ભુલ સુધારવા માંગે છે અને જો સજામાં જેલ મોકલવામાં આવે તો તેમના કુટુબંનો ભરણપોષણ કરનાર કોઈ ના હોય  કુટુંબના ઘરના લોકોને ભુખે રહેવુ પડે તેમ હોય જેથી ગુનાનો પસ્તાવો કરી  આ પ્રથમ ભુલ માફ કરી ઓછી દંડની સજા કરી  રહેમ રાખવા અરજ કરેલ છે.

(૦૪) આરોપી જયારે તેઓ સામેનો આક્ષેપ સ્વેચ્છાએ કબુલ કરે છે, ત્યારે તમામ રેર્કડ ઉપરની હકીકતો લક્ષમાં લેતા . આ કામના આરોપી કુટુંબ કબીલાવાળા છે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે તથા તેઓનો આ પ્રથમ ગુનો છે. આરોપી ની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતિને ઘ્યાને લઈ  આરોપીને કબુલાત બદલ પુરેપુરી સજા નહી કરતા આરોપીને મંહત્તમ સજા કરવાથી ન્યાય નો હેતુ જળવાય તેમ હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે

## <u>હુકમ</u>

(૧) આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનીયમ ૧૯૭૩ ની કલમ –૨૪૧ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની  કલમ –૬૫ એ એ મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સાદી કેદની સજા તથા રૂ.૩૦૦/– અંકે રૂપીયા ત્રસો પુરા દંડની સજા ફરમાવવામાં આવે છે.દંડ ના ભરે તો દીન–૦૨ ની સાદી કેદનો સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૨ માહે  નવેમ્બર , ૨૦૨૨  ના રોજ સ્પેશીયલ સીટીગમાં જાહેર કર્યો.

તા.   ૧૨/ ૧૧ /૨૦૨૨

(એ.બી.સીઘવી)
એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
પાટડી

સ્થળ :–  પાટડી.